I T
કૃષિ, ખેડૂત ... અને
સહકાર વિભાગ
ક્રમાંક.....................
- 6 MAR 2020
1061
શાખા.........................

**બાગાયત નિયામક હસ્તકની મહેસાણા અને સુરત ખાતેની વિભાગીય કક્ષાની કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની સત્તા સોંપવા બાબત**

ગુજરાત સરકાર
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવક્રમાંક : બગમ/૧૦૧૯/૨૦૧૬/ક.૮
સચિવાલય,ગાંધીનગર.
તા:૦૫/૦૩/૨૦૨૦

વંચાણે લીધાઃ

(૧) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવક્રમાંક બગમ/૧૦૧૯/૯૪૦/ક-૮

(૨) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૩/૦૮/૨૦૧૯ના ઠરાવક્રમાંક બગમ/૨૦૧૯/૮૬૫/ક-૮

(૩) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહાકર વિભાગનાં તા.૩૧/૦૧/૨૦૨૦નાં ઠરાવક્રમાંક બગમ/૧૦૧૯/૨૦૧૬/ક-૮

(૪) બાગાયત નિયામકશ્રીનાં તા.૦૫/૧૦/૨૦૧૯નાં પત્રક્રમાંક બગત/વહટ/ક-૬/સતસ/૧૩(૧૯)/૧૫૫૧૧/૧૯ અને પત્રક્રમાંક બગત/વહટ/ક-૬/સતસ/૧૫(૧૯)/૧૫૫૧૦/૧૯

ઠરાવઃ-

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨)નાં ઠરાવથી બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર હસ્તક મહેસાણા અને સુરત ખાતે વિભાગીય કચેરી કક્ષાની નવી કચેરી ઉભી કરવા માટે વિવિધ સંવર્ગ હેઠળ નવું મહેકમ ઉભું કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૩) મુજબ સદરહું વિભાગીય કક્ષાની કચેરીઓને કાર્યન્વીત કરવા અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે.વંચાણે લીધેલા ક્રમાંક (૪) મુજબ બાગાયત નિયામકશ્રી દ્વારા સદરહું વિભાગીય કક્ષાની કચેરીઓના ઉપાડ અને વહેચણી અધિકારી તરીકેની સત્તા સોંપવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત વિગતો ધ્યાને રાખીને વહીવટી સરળતા ખાતર નાયબ બાગાયત નિયામક મહેસાણા(જિ.ક) અને નાયબ બાગયત નિયામક સુરત(જિ.ક)ને અનુક્રમે બાગાયત ખાતા હસ્તકની મહેસાણા અને સુરત ખાતેની વિભાગીય કક્ષાની કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની સત્તા આથી સોંપવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલા પર સચિવશ્રી(આ.બા)ની તા.૨૭/૦૨/૨૦૨૦ અને અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ની તા.૦૪/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>પ્રતિ,</u>

- બાગાયત નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
- સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા), સુરત / મહેસાણા (બાગાયત નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી,અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, મહેસાણા/સુરત
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી શાખા, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સદર ઠરાવને વેબ સાઇટ પર અપલોડ કરવાની વિનંતી સાથે.
- ડી.વાય.એસ.ઓ સીલેક્ટ ફાઇલ
- સીલેક્ટ ફાઇલ